# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-03-2025** **Evening: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને એનિમિયા અને કુપોષણ મુક્ત બનાવવા દરેક પરિવારને પૂરતું પોષણ પૂરું પાડવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો.
2) પ્રધાનમંત્રીએ દાદરા નગર હવેલી, દીવ અને દમણને “મોડેલ પ્રદેશ” તરીકે વિકસાવવા માટે સરકાર પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું.
3) ગુજરાત પ્રવાસે આવેલા લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુજરાત-કોંગ્રેસની મહત્વની 3 બેઠકની અધ્યક્ષતા કરી.
4) વિદેશ મંત્રાલયે કહ્યું - ભારત અને અમેરિકા અનેક ક્ષેત્રોમાં દ્વિપક્ષીય વેપાર કરારો પર ચર્ચા આગળ વધારવા તત્પર.
5) પંજાબ પોલીસે જલંધરમાં બબ્બર ખાલસા ઇન્ટરનેશનલ સમર્પિત આતંકવાદી જૂથના ત્રણ સભ્યોની હથિયારો સાથે ધરપકડ કરી.
6) મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગની મેચ આજે દિલ્લી કેપિટલ્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે મુકાબલો.

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-SURAT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને એનિમિયા અને કુપોષણ મુક્ત બનાવવાના ઉદ્દેશ્યથી દેશના દરેક પરિવારને પૂરતું પોષણ પૂરું પાડવાની સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો.

આજે સુરત ખાતે સુરત જિલ્લા ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાન શરૂ કર્યા બાદ લોકોને સંબોધતા, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે સરકાર સક્રિયપણે લાભાર્થીઓ સુધી પહોંચી રહી છે જેથી કોઈ પણ લાભાર્થી પાછળ ન રહી જાય. પ્રધાનમંત્રીએ કહ્યું કે સરકારે દરેક પાત્ર લાભાર્થીને તેમના હકદાર લાભો મળે તે સુનિશ્ચિત કરવા માટે સંતૃપ્તિ અભિગમ અપનાવ્યો છે. તેમણે સુરત જિલ્લા ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાનને અન્ય જિલ્લાઓ માટે પ્રેરણારૂપ ગણાવ્યું હતું.

**(બાઇટ-પીએમ મોદી)**

ગુણવત્તાયુક્ત પોષણની પહોંચ એ રાષ્ટ્રની પ્રગતિની ચાવી છે તે ભારપૂર્વક જણાવતા, તેમણે વિકસિત ભારતના નિર્માણમાં પોષણના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે એમ પણ ઉમેર્યું કે તેમની સરકાર આ દ્રષ્ટિકોણને પ્રાપ્ત કરવા માટે સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકી રહી છે

ગરીબોના કલ્યાણ પ્રત્યેની તેમની સરકારની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરતા, પ્રધાનમંત્રીએ છેલ્લા દાયકામાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલો પર પ્રકાશ પાડ્યો જેમાં પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના, સરકારી વીમા યોજના અને એક રાષ્ટ્ર એક રાશન કાર્ડનો સમાવેશ થાય છે જેનો વંચિતોને ઘણો ફાયદો થયો છે.

**(બાઈટ- પીએમ મોદી)**

# PM-SURAT-2

અભિયાનના ભાગ રૂપે, પીએમએ સુરતમાં 2.3 લાખથી વધુ લાભાર્થીઓને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળના લાભોનું વિતરણ કર્યું. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા હતા. સુરત આવી પહોંચ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભવ્ય રોડ શો કર્યો હતો અને લોકોનું અભિવાદન ઝિલ્યુ હતું.

# PM SELVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દાદરા અને નગર હવેલી, દીવ અને દમણને દેશનો વારસો ગણાવ્યો અને તેને એક મોડેલ કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે વિકસાવવાના તેમની સરકારના પ્રયાસો પર ભાર મૂક્યો હતો.

આજે સિલ્વાસામાં એક જાહેરસભાને સંબોધતા તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં કેન્દ્રશાસિત પ્રદેશે વિશ્વકક્ષાની માળખાગત સુવિધાઓ, સંદેશાવ્યવહાર, આરોગ્યસંભાળ અને પ્રવાસન ક્ષેત્રોના વિકાસમાં એક અનોખી ઓળખ મેળવી છે.

## (BYTE:PM SATURATION)

પ્રધાનમંત્રીએ કહ્યું કે અહીં રેલ અને રોડ નેટવર્કના વિકાસથી પર્યટનને મોટો વેગ મળ્યો છે. આ પ્રદેશમાં ચાલી રહેલા વિવિધ પ્રવાસન પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે રાજ્ય દેશના લોકપ્રિય પ્રવાસન આકર્ષણોમાંનું એક બની ગયું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે વિકસિત ભારતનું સ્વપ્ન ફક્ત સ્વસ્થ ભારતનું નિર્માણ કરીને જ સાકાર થઈ શકે છે. તેમણે આરોગ્ય માળખાને મજબૂત બનાવવા અને જન ઔષધિ કેન્દ્રોના નેટવર્કને વિસ્તૃત કરવાના સરકારના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો હતો.

શ્રી મોદીએ કહ્યું કે મિશન મેન્યુફેક્ચરિંગ ભવિષ્યમાં આ પ્રદેશને ફાયદો કરાવશે કારણ કે તે છેલ્લા દાયકા દરમિયાન ઔદ્યોગિક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. તેમણે કહ્યું કે આનાથી માત્ર નવી રોજગારીની તકો જ નહીં, પણ આદિવાસી વસ્તીને પણ સશક્ત બનાવવામાં આવી છે.

આ પહેલા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સિલ્વાસામાં નમો હોસ્પિટલના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે 2,587 કરોડ રૂપિયાના 62 પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો. આમાં વિવિધ ગ્રામીણ રસ્તાઓ, શાળાઓ, આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો, આંગણવાડી કેન્દ્રો અને પાણી પુરવઠા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM- JAN AUSHADHI DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે જન ઔષધિ દિવસ લોકોને ઉચ્ચ ગુણવત્તાવાળી અને સસ્તી દવાઓ પૂરી પાડવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે ગુણવત્તાયુક્ત દવાઓ હવે દેશના દરેક ખૂણા સુધી પહોંચી રહી છે અને જન ઔષધિ મોડેલ હવે વિશ્વને પ્રેરણા આપી રહ્યું છે.

# RAHUL GANDHI-GUJARAT

બે દિવસીય ગુજરાતનાં પ્રવાસે આવેલા લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ આજે ગુજરાતમાં કોંગ્રેસની મહત્વની 3 બેઠકની અધ્યક્ષતા કરી હતી. પ્રથમ બેઠક CLP અને પૂર્વ પ્રમુખ સાથે કરી હતી. જેમાં અનેક સૂચનોની આપ-લે કરી હતી. ઉપરાંત જુદા જુદા સેલના ચેરમેન સાથે પણ બેઠક કરી હતી. અન્ય એક બેઠકમાં જિલ્લા પ્રમુખની મહત્વની બેઠક બોલાવી હતી. સાથે જ ગુજરાત કોંગ્રેસની પોલિટીલકલ અફેર્સ કમિટીની પણ બેઠક મળી હતી. જેમાં રાજ્યમાં કોંગ્રેસના સંગઠનની સ્થિતિ અને બદલાવ અંગે ચર્ચા કરવામાં આવી હતી. 8 અને 9 મી એપ્રિલે યોજાનાર અધિવેશનમાં AICC ગુજરાત કોંગ્રેસનો રોડમેપ તૈયાર કરી સોંપશે અને દરેક નેતાઓની જવાબદારી પણ સુનિશ્ચિત કરશે તેવું જાણવા મળ્યું છે.

# JAN AUSHADHI DAY

આજે જન ઔષધિ દિવસ છે. આ દિવસ જેનેરિક દવાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ઉજવવામાં આવે છે. રસાયણ અને ખાતર મંત્રાલયે આ પહેલને ટેકો આપવા માટે સમગ્ર દેશમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું છે.

આ યોજના હેઠળ, બજાર કરતાં 50 થી 80 ટકા ઓછી કિંમતે દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તે ઉત્પાદનોની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે ફક્ત પ્રમાણિત ઉત્પાદકો પાસેથી મેળવેલી દવાઓ પૂરી પાડે છે. આ પહેલ હેઠળ શરૂ કરાયેલી મુખ્ય પહેલોમાંની એક સુવિધા સેનિટરી નેપકિન્સ છે. હવે દેશના તમામ જિલ્લાઓમાં 15 હજારથી વધુ જન ઔષધિ કેન્દ્રો કાર્યરત છે અને આ યોજનાએ સ્વરોજગાર માટે આશાસ્પદ તકો ઉભી કરી છે.

# MEA- PRESS BRIEFING

વિદેશ મંત્રાલયે આજે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા અનેક ક્ષેત્રોમાં દ્વિપક્ષીય વેપાર માટેના કરારો પર ચર્ચા આગળ વધારવા તત્પર છે. આજે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ગયા મહિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત દરમિયાન, બંને દેશોએ પરસ્પર ફાયદાકારક, બહુ-ક્ષેત્રીય દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરવાની યોજનાઓની જાહેરાત કરી હતી.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલ અમેરિકામાં હતા અને તેમના સમકક્ષોને પણ મળ્યા હતા. શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે દ્વિપક્ષીય વેપાર કરારનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે વેપારને મજબૂત બનાવવા, બજારની પહોંચ વધારવા, ટેરિફ અને નોન-ટેરિફ અવરોધો ઘટાડવા અને પુરવઠા શૃંખલાને મજબૂત બનાવવાનો છે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની બ્રિટન મુલાકાત દરમિયાન જયશંકરની સુરક્ષામાં ચૂકના મુદ્દા પર, શ્રી જયસ્વાલે કહ્યું કે ભારતે બ્રિટિશ અધિકારીઓ સમક્ષ ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

# PUNJAB - ARREST

પંજાબ પોલીસે આજે જલંધરમાં બબ્બર ખાલસા ઇન્ટરનેશનલ સમર્પિત આતંકવાદી જૂથનો પર્દાફાશ કર્યો. પોલીસે હથિયારો અને દારૂગોળા સાથે ત્રણ સભ્યોની ધરપકડ કરી.

અધિક પોલીસ મહાનિર્દેશક નવજોત સિંહ મહલે જણાવ્યું હતું, આ જૂથ અમેરિકા સ્થિત ગેંગસ્ટર ગુરપ્રીત સિંહ ચલાવી રહ્યો હતો, જે પાકિસ્તાન અને ગ્રીસ સ્થિત આતંકવાદી સંગઠનો સાથે મળીને યુવાનોને ગુના તરફ ઉશ્કેરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોમાં આ બીજી વખત છે જ્યારે આ જૂથના આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે.

ગઈકાલે, ઉત્તર પ્રદેશ પોલીસ અને પંજાબ પોલીસે બબ્બર ખાલસા ઇન્ટરનેશનલના સક્રિય આતંકવાદી અને અમૃતસરના રહેવાસી, લઝર મસીહની કૌશાંબીથી વિસ્ફોટકો, શસ્ત્રો અને દારૂગોળો સાથે ધરપકડ કરવામાં આવી હતી.

# WPL

મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગની મેચ આજે લખનૌમાં દિલ્લી કેપિટલ્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે રમાઈ રહી છે. જેમાં ગુજરાત જાયન્ટ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા મળતા અહેવાલ મુજબ દિલ્લી કેપિટલે 6 ઓવરમાં વિના વિકેટે 51 રન કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, પોઈન્ટ ટેબલમાં દિલ્લી પહેલા અને ગુજરાત ત્રીજા સ્થાને છે.

# TN ACCIDENT

તમિલનાડુના તિરુત્તાની શોલિંગુર ધોરીમાર્ગ પર થયેલા માર્ગ અકસ્માતમાં પાંચ મુસાફરોના મોત થયા છે અને વીસથી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. આ અકસ્માતમાં એક ટ્રક સરકારી બસ સાથે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. જેમાં ઇજાગ્રસ્ત લોકોને સારવાર માટે તિરુત્તાની અને અન્ય નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.

# WOMEN COMMISSION- ADVOCATES CONFERENCE

રાષ્ટ્રીય મહિલા આયોગ અને ઓલ ઈન્ડિયા બાર કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ઓલ ઈન્ડિયા મહિલા વકીલ પરિષદ યોજાશે.

રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ વિજયા કે. રહાતકરે જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય પ્રગતિશીલ ભારત માટે મહિલાઓની ભૂમિકા વધારવાની વ્યૂહરચના ઘડવાનો રહેશે, જેમાં મહિલા વકીલો અગ્રણી ભૂમિકા ભજવશે. બે દિવસીય આ પરિષદમાં દેશના વિવિધ ભાગોમાંથી લગભગ એક હજાર વકીલો ભાગ લેશે.